રજુ કર્યા તારીખ :૧૭/૪/૨૦૧૩
નોંધણી કર્યા તારીખઃ૧૮/૪/૨૦૧૩
નિર્ણય કર્યા તારીખઃ ૨૦/૪/૨૦૨૪
સમયગાળોઃ વર્ષ, માસ, દિવસ

---

**અમદાવાદના મે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર માં**

---

**ક્રિ.કેસ નં. ૨૬૨/૨૦૧૩**

**આંકઃ– ૭**

ફરીયાદીઃ– સ ર કા ર

વિરુઘ્ધ

તો.દારો– ૧ રાકેશભાઈ કાંતીભાઈ પ્રજાપતિ,
૨ મંગાભાઈ રવજીભાઈ પ્રજાપતિ,
બંને રહે.ગણેશપુરાની ચાલી,
મકાન નં.૯૩/ર,શકિતનગર ચાર રસ્તા પાસે,
શાહપુર દરવાજા બહાર,અમદાવાદ.

**ઈ.પી.કો.કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબ.**

**ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી પ્રજાપતિ,**

**આરોપી તરફે વિ.વ.શ્રી વી.પી.સેન,**

**<u>ઠ રા વ</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે,તા.૨૬/૩/૨૦૧૩ ના કલાક ૨૨.૩૦ વાગે ગણેશપુરાની ચાલીમાં આવેલ ફરીયાદીના મકાન આગળ આરોપીઓ આવી ફરીયાદ તથા તેના ભાઈને ગંદી ગાળો બોલી, ગડદાપાટુનો મારા મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો.ની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે. જે અંગે માધવપુરા પોલીસ સ્ટેશન તરફથી તપાસ ને અંતે આરોપીઓ સામેનું ઉપરોકત ગુના સબબ ચાર્જસીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**(૨)** આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કો. કલમ – ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપીઓ સામે આંક.૨ થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓની આંક.૩, ૪ થી પ્લી નોંધતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.જેથી મજકુર કામમાં ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** મજકુર કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

(૧) આંક.૫ થી ફરીયાદી જયેશભાઈ રમેશભાઈ ડાભી,

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

(૧) આંક.૬ થી ફરીયાદ,

**(૪)** આમ, સમગ્ર પુરાવો વાંચતા આરોપીઓ સામે પુરાવો ન હોઈ, ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેતા મારા નીર્ણય માટે નીચે મુજબના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુ દ્દા ઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે,તા.૨૬/૩/૨૦૧૩ ના કલાક ૨૨.૩૦ વાગે ગણેશપુરાની ચાલીમાં આવેલ ફરીયાદીના મકાન આગળ

આરોપીઓ આવી ફરીયાદ તથા તેના ભાઈને ગંદી ગાળો બોલી, ગડદાપાટુનો મારા મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો.ની કલમ– ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**(૭)** ફરીયાદ પક્ષે ફરીયાદી જયેશભાઈ રમેશભાઈ ડાભીને આંક.૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ બાર વર્ષ અગાઉ તેમના ઘર આગળ બપોરે ૧૧.૦૦ વાગ્યાના અરસામાં બનેલ, બનાવ સમયે તેઓ કામથી બહાર ગયેલ, ઘરનું કામ ચાલુ હોય તેમના મમ્મી તથા ભાઈના પત્નીએ પાડોશી મંગાભાઈને કહેલ કે સામાન અવર જવર થતો હોય રીક્ષા સાઈડમાં મુકો જેથી તેઓએ કહેલ કે હુ મકાન નહી બનાવવા દઉ તેમ કહી તેમના મમ્મી સાથે ધકકામુકી કરેલ જેથી તેમના મમ્મી નીચે પડી ગયેલ અને તેમના મમ્મીનો હાથ મચકોડી નાંખતા હાથે ઈજા થયેલ બનાવ બાબતે તેમના પત્નીએ ફોનથી જાણ કરતા બીજા દિવસે તેઓએ ફરીયાદ આપેલ તેમ જણાવતા ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી અને પરવાનગીથી વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં કબુલ કરે છે કે આરોપીઓનું ઘર અને તેમના ભાઈના ઘરની વચ્ચે એક મકાન આવેલ છે જયારે એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે સોગંદ ઉપર

જણાવેલ હકીકત પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી.

(૮) આમ ફરીયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના ફરીયાદ પક્ષે ફરીયાદીને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને તેઓની ફરીયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં આંક.૬ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. આમ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદોનો મૌખિક પુરાવો જોતા તેઓએ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કારી પુરાવો રજૂ રાખેલ નથી. વળી કયા આરોપીએ ઈજા પહોચાડેલ તેવી કોઈ હકીકત રજૂ રાખેલ નથી કે આરોપીઓએ તેઓને શું બિભત્સ ગાળો બોલેલ તે અંગેની વિસ્તૃત હકીકત રજૂ રાખેલ નથી. સદર કામે ભોગ બનનારને થયેલ ઈજા અંગે તપાસ કરનાર અમલદારે સારવાર અંગેનું પ્રમાણપત્ર મેળવી તપાસના કામે સામેલ રાખી આંકે પડાવેલ નથી, વળી બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર હોવા છતાં પણ તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોનો નિવેદનો નોધેલ નથી કે આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી ત્યારે આ કામના આરોપીઓએ બનાવ તારીખે ફરીયાદીને બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને ભોગ બનનારને સ્વેચ્છાર્પુક વ્યથા પહોચાડેલ હોવાની હકીકત નિશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવુ છું.

(૯) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સાહેદની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને બીલકુલ સમર્થન કરેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા ફરીયાદ પક્ષને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ

નથી ત્યારે ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજોના સમર્થનમાં ફરીયાદી કે અન્ય કોઈ સાહેદનું સમર્થન મળતું નથી જેથી ગુનાને સાંકળતી કડી પુરવાર થતી નથી ત્યારે રજુ થયેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો નિઃશંકપણે સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોઈ ઉપરોકત મુદ્દા નં.૧નો જવાબ "નકારમાં" આપી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**(૧).** આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ – ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨).** ક્રી.પ્રો.કો.ની કલમ–૪૩૭(એ) અન્વયે જો આરોપીના જુના જામીન ઉપલબ્ધ હોય તો તેની સહીથી જામીન તરીકે ચાલુ રહેવાની પુરસીસ રજૂ કરવી વિકલ્પે આરોપીએ રુા.૫,૦૦૦/– ના નવા જામીન અને જાતમુચરકા રજૂ કરવા આદેશ કરવામાં આવે છે અને જુના જામીનખત અને જાતમુચરકા રદૃ કરવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાઃ૨૦/૪/૨૦૨૪
અમદાવાદ

(પવનકુમાર એન.નવીન)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૦૭૫૮